**<u>મહે. ૮ માં એડીશ્નલ જયુડી. મેજી. ફર્સ્ટ. કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

CC.175220_2025

ફરીયાદીઃ–        શ્રી  સરકાર

વિરૂદ્ધ

આરોપી :–        કૃણાલ ગણપતિ કાંબળે, ઉ.વ.પુખ્ત,
રહે. વડોદરા.

ગુનોઃ–        **<u>જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.</u>**

(૧)        આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ, આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેણે અલગથી ગુનો કબુલાત કરતી પોતાની સહી કરી પુરસીસ પણ રજુ કરેલ છે.

સજા અંગે સાંભળ્યા. આરોપીએ પોતે કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. આરોપીની સ્વૈચ્છીક ગુના કબુલાતના આધારે તેમજ આ ગુનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દીષ્ટ પુરેપુરી સજા નહીં પરંતુ તેને આછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય આવે છે. આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઇ આવે છે. આરોપી સ્વેચ્છાએ પોતાનો ગુનો કબુલ કરતા હોવાથી અને તેની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાવતા હોવાથી, તેની ગુના કબુલાત સ્વીકારવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– હુ ક મ –</u>**

૧.        આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુના અન્વયે આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેણે દિન–૦૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૧૩.૧૨.૨૦૨૫ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩.૧૨.૨૦૨૫
વડોદરા.

**(રાહુલ સચદેવા )**
**કોડ નં.જીજે.૦૧૭૨૫**
૮ માં એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી. વડોદરા.

પાવતી નં.     /૨૦૨૫
દંડ રૂા.
તારીખ:૧૩.૧૨.૨૦૨૫

ચીફ કોર્ટ, વડોદરા.